આણંદ, ખેડા અને મહિસાગર જિલ્લામાં બઢતી-બદલી સહિતના પ્રશ્નોના ઉકેલની માગ સાથે આંદોલન ઉગ્ર

# ચરોતરમાં મહેસૂલી કર્મીઓની માસ સીએલથી વહીવટી કામગીરી ઠપ્પ થઈ

**૭ ઓક્ટોબરથી** અચોક્કસ મુદતની હડતાળની ચીમકી



(પ્રતિનિધિ) આણંદ તા.૫

મહેસુલી કર્મચારીઓની બઢતી-બદલી, ડીડ ડેટ, સિનિયોરિટી, જોબચાર્ટ સહિતના વિવિધ પડતર પ્રશ્નોના ઉકેલની માગ સાથે રાજ્યભરના મહેસૂલી કર્મચારીઓ દ્વારા શરૂ કરવામાં આવેલા આંદોલનની અસર આણંદ- ખેડા જિલ્લામાં પણ જોવા મળી રહી છે. મહેસૂલી કર્મચારીઓએ સોમવારે માસ સીએલ પર ઉતરી કામગીરીથી અળગા રહેતાં જિલ્લામાં મહેસૂલી તંત્રની રોજિંદી વહીવટી કામગીરીને અસર પહોંચી હતી.

મહેસૂલી કર્મચારીઓ દ્વારા આંદોલનના પ્રથમ તબક્કામાં તા. ૩ ઓક્ટોબરના રોજ વોટ્સએપ ગ્રુપમાંથી લેફ્ટ થઈ તથા કાળી પટ્ટી ધારણ કરી વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. ત્યારબાદ સોમવારે માસ સીએલનું એલાન કરવામાં આવ્યું હતું. કર્મચારીઓ સામૂહિક રજા પર ઉતરી જતાં વિવિધ કચેરીઓમાં અરજદારોની કામગીરી અટકી હતી અને વહીવટી પ્રક્રિયાઓ ધીમી પડી હતી.

મહેસૂલી કર્મચારીઓએ પડતર પ્રશ્નોનું તાત્કાલિક નિરાકરણ લાવવાની માગ કરી છે. જો સરકાર દ્વારા યોગ્ય ઉકેલ નહીં લાવવામાં આવે તો તા. ૭ ઓક્ટોબરથી મહેસૂલી કર્મચારીઓ અચોક્કસ મુદતની હડતાળ પર જવાની ચીમકી આપવામાં આવી છે. આ સ્થિતિ સર્જાય તો આણંદ જિલ્લામાં મહેસૂલી વહીવટી વ્યવસ્થા વધુ ખોરવાવાની શક્યતા છે.

મહેસૂલી કર્મચારીઓની હડતાળની સીધી અસર સામાન્ય નાગરિકોને મળતી વિવિધ સેવાઓ પર પડી શકે છે. આવક અને જાતિના દાખલા, વન-ટુ-ડે સેવાઓ, રેશનકાર્ડમાં નામ ઉમેરવા-કમી કરવા તથા રેશનકાર્ડ વિભાજન જેવી કામગીરી અટકી શકે છે. ઉપરાંત જમીનની નોંધ મંજૂરી, બિનખેતીની અરજીઓ તેમજ કલેક્ટર કચેરીમાં જમીન સંબંધિત કેસોની કામગીરીને પણ અસર થવાની સંભાવના છે.

આ ઉપરાંત પુરવઠા વિભાગ તથા મધ્યાહન ભોજન યોજના સાથે સંકળાયેલી દેખરેખની કામગીરી પણ મહેસૂલી કર્મચારીઓની હડતાળને કારણે અસર થવાની શક્યતા છે. એક તરફ વિવિધ સરકારી સેવાઓ માટે અરજદારો કચેરીઓના ધક્કા ખાઈ રહ્યા છે ત્યારે આગામી દિવસોમાં હડતાળ વધુ લંબાય તો નાગરિકોની મુશ્કેલીમાં વધારો થવાની શક્યતા છે.

# કપડવંજ પાલિકાએ ૧૨૦ કિલો પ્લાસ્ટિક જપ્ત કરી દંડ વસુલ્યો

**સિંગલ યુઝ** પ્લાસ્ટિક વાપરતાં વેપારીઓને રૂ. ૨,૫૦૦નો દંડ



(પ્રતિનિધિ) કપડવંજ તા.૫

કપડવંજ શહેરને સ્વચ્છ, સુંદર અને પ્લાસ્ટિકમુક્ત બનાવવાના હેતુથી કપડવંજ નગરપાલિકા દ્વારા સિંગલ યુઝ પ્લાસ્ટિકના વપરાશ સામે વિશેષ ડ્રાઈવ યોજવામાં આવી હતી. આ ચેકિંગ કાર્યવાહી દરમિયાન નિયમોનું ઉલ્લંઘન કરનારા વેપારીઓ પાસેથી કુલ ૧૨૦ કિલો પ્લાસ્ટિક જપ્ત કરી રૂ. ૨,૫૦૦નો દંડ ફટકારવામાં આવ્યો છે.

કપડવંજ પાલિકાના ચીફ ઓફિસર મેહુલ પરમારના માર્ગદર્શન હેઠળ સેનેટરી ઈન્સ્પેક્ટર કાજલ તથા તેમની ટીમે શહેરના વિવિધ વિસ્તારોમાં સઘન ચેકિંગ હાથ ધર્યું હતું. તપાસ દરમિયાન સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ કરતા વેપારીઓ સામે નિયમોનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

આ તપાસ સાથે પાલિકાની ટીમે નાના-મોટા વેપારીઓ તથા ગલ્લાધારકોને સિંગલ યુઝ પ્લાસ્ટિકથી પર્યાવરણને થતા નુકસાન અંગે માહિતગાર કર્યા હતા. સાથે જ પ્લાસ્ટિકના બદલે કાપડ કે કાગળની થેલી જેવા પર્યાવરણમિત્ર વિકલ્પો અપનાવવા અપીલ કરી હતી. પાલિકા તંત્ર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે શહેરને સ્વચ્છ રાખવા માટે આગામી દિવસોમાં પણ આ કાર્યવાહી સતત ચાલુ રહેશે અને નિયમભંગ કરનારાઓ સામે કડક દંડાત્મક પગલાં લેવાશે.

## કપડવંજ બાર એસોસિએશનના વકિલો ભાડા વિધેયકના વિરોધમાં કામથી અળગા રહ્યાં



ગુજરાત ભાડા વિધેયક ૨૦૨૬ના વિરોધમાં કપડવંજ બાર એસોસિએશને અગત્યના કામ સિવાય કોર્ટ કામકાજથી અળગા રહેવાનો સર્વાનુમતે ઠરાવ પસાર કર્યો છે. અમદાવાદ સિટી સિવિલ અને સ્મોલ કોર્ટ બાર એસોસિએશનની લડતના સમર્થનમાં લેવાયેલા આ નિર્ણયથી પ્રજા અને વકીલોને પડતી તકલીફો સામે અવાજ ઉઠાવવામાં આવ્યો છે. વકીલો કે પક્ષકારોની ગેરહાજરીમાં કોઈ પણ એકતરફી કામગીરી ન કરવા, નોટિસ કે વોરન્ટ ઈશ્યૂ ન કરવા અને કેસોને જે તે સ્ટેજે રાખવા અનુરોધ કરાયો છે. બાર એસોસિએશનના પ્રમુખ એચ. એમ. જોશી અને સેક્રેટરી પી. એચ. ઝાલા સહિત સીનિયર વકીલો મોટી સંખ્યામાં આ આંદોલનમાં જોડાયા હતા. **તસવીર : હરિશ જોષી**

# પેટલાદમાં વકીલોએ રેન્ટ એક્ટના કાગળો ફાડી વિરોધ પ્રદર્શિત કર્યો

**કાયદો ભ્રષ્ટાચારને** વેગ આપતો હોવાના આક્ષેપ



તસવીરઃ વિનાયક આણંદજીવાલા

(પ્રતિનિધિ) પેટલાદ તા.૫

ગુજરાત ભાડા વિધેયક ૨૦૨૬ વિધાનસભામાં મંજુર કરવામાં આવ્યો હતો. જેના અમલીકરણ પૂર્વે રાજ્યના વકીલોએ ઠેરઠેર વિરોધ રજૂ કર્યો છે. જેના પગલે પેટલાદ બાર એસોસીએશનના વકીલોએ આજરોજ કોર્ટનો મુખ્ય પ્રવેશ દ્વાર બંધ કરી કામથી અળગા રહ્યા હતા. આ ઉપરાંત આ કાયદાના કાગળો ફાડી વિરોધ પ્રદર્શિત કર્યો હતો.

રાજ્ય સરકાર દ્વારા ભાડા વિધેયક ૨૦૨૬ વિધાનસભામાં પસાર કરી મંજુરીની મહોર મારવામાં આવી હતી. જેમાં ભાડા કે ભાડુઆતને લગતા કેસો સિવિલ કોર્ટને બદલે પ્રાંત કચેરી કક્ષાએ ચલાવવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ઉપરાંત આવા કેસો પ્રાંત કે કલેક્ટર હસ્તક ચાલ્યા બાદ ટ્રીબ્યુનલમાં ચાલી શકે તેવી જોગવાઈ આ વિધેયકમાં છે. જેનો સખ્ત વિરોધ સમગ્ર રાજ્યની સાથે આણંદ જીલ્લામાં પણ ઉગ્ર બન્યો છે. આજરોજ સવારે પેટલાદ બાર એસોસીએશનના સો થી વધુ વકીલો કોર્ટના પ્રવેશ દ્વાર પાસે ભેગા થયા હતા. જેઓ આજરોજ કોર્ટની તમામ કાર્યવાહીથી અળગા રહ્યા હતા. ઉપરાંત કોર્ટમાં આવતા અસીલોને પણ ગેટ ઉપર રોકી પરત કરવામાં આવતા હતા. આ અંગે બાર એસો.ના સેક્રેટરી એમ એ દિવાને જણાવ્યું હતું કે આ કાળો કાયદો છે. રાજ્ય અને દેશની કોર્ટો જે નિર્ણયો લઈ શકે તે કલેક્ટર કે ડે. કલેક્ટર લઈ શકે નહીં. કોર્ટો ઉપર પ્રજાને ભરોસો છે, જે આવા કાયદાથી પ્રજાને નુકશાન થઈ શકે છે. ગુજરાત સરકારના આ નિર્ણય અંગે સિનિયર એડવોકેટ રાજેશ કંસારાએ જણાવ્યું હતું કે આ કાયદો એક તરફી છે, જે અમુક વ્યક્તિઓના હિતનું રક્ષણ કરવા બનાવ્યો છે. પરંતુ આ કાયદાથી માત્ર વકીલોને નહીં, પરંતુ પ્રજાને પણ નુકશાન છે. અત્યાર સુધી સિવિલને મળેલ સત્તાઓ છીનવી લઈ પ્રાંતને સોંપવાનો નિર્ણય તદ્દન ખોટો છે. આ તો જ્યુડીશરીની પાંખો કાપીને એડમિનીસ્ટ્રેટીવને સત્તા આપવાનું ઘાતક પગલું છે.

# ખંભાત નજીક કારની ટક્કરે વૃદ્ધાનું કરુણ મોત

(પ્રતિનિધિ) ખંભાત તા.૫

ખંભાત તાલુકાના ઉંદેલ હાઈસ્કૂલ નજીક ઉંદેલ-ધૂવારણ રોડ પર પૂરઝડપે આવી રહેલી એક બેફામ ઈક્કો ગાડીના ચાલકે પગપાળા જઈ રહેલા ૭૦ વર્ષીય વૃદ્ધાને પાછળથી જોરદાર ટક્કર મારી ઘટનાસ્થળે જ મોત નીપજાવ્યું હતું.

ખંભાતના ભુવેલ ગામના રહીશ વિરેનભાઈ જશભાઈ પટેલે ખંભાત રૂરલ પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદ અનુસાર, તેમના કાકી શાન્તાબેન જમનાભાઈ પટેલ (ઉ.વ. ૭૦) સવારે પોપટપુરા સ્થિત પોતાના પિયરમાં ગયા હતા. સાંજે આશરે પાંચ વાગ્યાના સુમારે તેઓ ઉંદેલ-ધૂવારણ રોડ પર રામભાઈ એગ્રો પાસેથી પગપાળા પોતાના ઘરે પરત ફરી રહ્યા હતા. તે દરમિયાન પાછળથી પૂરઝડપે ધસી આવેલી GJ-38-BB-5126 નંબરની ઈક્કો ગાડીના ચાલકે ગફલતભરી રીતે વાહન હંકારી શાન્તાબેનને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં ગાડીની ટક્કર વાગતા જ શાન્તાબેન રોડ પર પટકાયા હતા. તેમને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચવાના કારણે તેમનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું. આ અકસ્માત સર્જ્યા બાદ ચાલક ગાડી લઈને ફરાર થઈ ગયો હતો. જોકે, ઘટના બાદ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે મૃતદેહને ખંભાતની કેનેડી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. ખંભાત રૂરલ પોલીસે બનાવ અંગે ઈક્કો ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા 'જીવાતોનું જૈવિક નિયંત્રણ' વિષય પર ખેડૂત તાલીમ યોજાઈ



**આણંદ** | આણંદ કૃષિ યુનિવર્સિટી અને ભારતીય કૃષિ અનુસંધાન સંસ્થાનના સંયુક્ત ઉપક્રમે કૃષિ ઇજનેરી પોલીટેકનિક, દાહોદ ખાતે ટ્રાયબલ સબ પ્લાન હેઠળ જીવાતોનાં જૈવિક નિયંત્રણ વિષય પર એક દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. કૃષિ નિષ્ણાતો અને વૈજ્ઞાનિકો દ્વારા ખેડૂતોને રસાયણમુક્ત ખેતી, પર્યાવરણનું સંતુલન અને શિયાળુ પાકોમાં રોગ-જીવાત નિયંત્રણ અંગે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ તાલીમના અંતે ખેડૂતોને વ્યવહારિક અમલીકરણ માટે સ્પ્રેયર પંપ, પીપીઇ કીટ, ફેરોમોન ટ્રેપ, બાયો એન.પી.કે. અને જૈવિક કીટનાશક સહિતની સામગ્રી તથા માર્ગદર્શિકા પુસ્તિકાઓનું વિતરણ કરાયુ હતું.

### ચારુસેટમાં માનસિક સ્વાસ્થ્ય અને વર્ક-લાઈફ બેલેન્સ અંગે અવેરનેસ કાર્યક્રમ યોજાયો



**આણંદ** | ચારુસેટ યુનિવર્સિટી સંલગ્ન પ્રિ. બી. આઈ. પટેલ એચઆરડીસી દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ ની પહેલ અંતર્ગત કર્મચારીઓ માટે 'માઇન્ડ મેટર્સઃ અ ડાયલોગ ઓન મેન્ટલ વેલનેસ એન્ડ બેલેન્સ' કાર્યક્રમનું આયોજન કરાયું હતું, જેમાં ૫૨ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. પ્રથમ સેશનમાં એમ. એસ. યુનિવર્સિટીના ડો. બી. એસ. પરિમલે 'સુસાઇડ પ્રિવેન્શન એન્ડ અવેરનેસ' પર માનસિક તણાવ, ભાવનાત્મક સંઘર્ષ અને મુશ્કેલીના સંકેતોને સમયસર ઓળખી યોગ્ય સહાય મેળવવા પર પ્રકાશ પાડ્યો હતો. બીજા સેશનમાં નવરચના યુનિવર્સિટીના ડો. આશિષ વર્ગીસે 'Work-Life Balance' વિષય પર વક્તવ્ય આપ્યું હતું.

### નડિયાદની બ્રહ્મર્ષિ સંસ્કૃત મહાવિદ્યાલયમાં સરદાર પટેલના જીવન પર કઠપૂતળી ખેલ યોજાયો



**નડિયાદ** | નડિયાદ સ્થિત બ્રહ્મર્ષિ સંસ્કૃત મહાવિદ્યાલયમાં સરદાર વલ્લભભાઈ પટેલના જીવન પ્રસંગ આધારિત કઠપૂતળીના ખેલની વિશેષ પ્રસ્તુતિ યોજાઈ હતી. આ સુંદર પ્રસ્તુતિ નિવૃત્ત શિક્ષક શ્રી હિતેશભાઈ બ્રહ્મભટ્ટ તથા તેમના સાથીદારો જશવંતભાઈ પાટીલ, ગિરીશભાઈ પુરોહિત અને પ્રવીણકુમાર શાહ દ્વારા રજૂ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સંસ્થાનના પ્રમુખ દેવેન્દ્રભાઈ દવે, પ્રધાન આચાર્ય ડો. અમૃતલાલ ભોગાયતાજી, અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ હાજર રહી આ ખેલને આતુરતાથી માણ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો. સંજયકુમાર બ્રહ્મભટ્ટે કર્યું હતું તથા ભૂતપૂર્વ છાત્ર ડો. ગોપાલભાઈ ઉપાધ્યાયે નાટ્યશાસ્ત્રના ઉદાહરણો આપી પ્રસંગોચિત પ્રવચન આપ્યું હતું.

### બાલાસિનોર તાલુકામાં 'સેવા સંકલ્પ યાત્રા' રૈયોલી ડાયનાસોર પાર્ક પહોંચી



**બાલાસિનોર** | કાશીથી વડનગર સુધી આયોજિત ભાજપની 'સેવા સંકલ્પ યાત્રા' મહીસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકાના પાંડવા, પરબિયા અને જેઠોલી થઈને રૈયોલી ડાયનાસોર પાર્ક ખાતે પહોંચી હતી. યાત્રાના આગમન પ્રસંગે માર્ગમાં વિવિધ સ્થળોએ સ્થાનિક આગેવાનો અને નાગરિકો દ્વારા પુષ્પવર્ષા કરીને ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ દરમિયાન સરકારી યોજનાઓના લાભાર્થીઓ, યુવા રમતવીરો અને મહિલાઓ સાથે સંવાદ કાર્યક્રમો યોજી યોજનાકીય લાભો અંગે ચર્ચા કરાઈ હતી.

### નડિયાદના ડભાણ સ્થિત સેન્ટ અર્સલ્લા સ્કૂલ ખાતે કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાયો



**નડિયાદ** | ડભાણ સ્થિત સેન્ટ અર્સલ્લા સ્કૂલ ખાતે ધો. 9થી 12ના વિદ્યાર્થીઓ માટે 'વિઝન 2031' કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાયો હતો, જેમાં આચાર્યા સિસ્ટર લુઈસાએ વક્તા શૈલેષ રાઠોડનું સ્વાગત કર્યું હતું. એજ્યુકેશનાલિસ્ટ શૈલેષ રાઠોડે વિદ્યાર્થીઓને એઆઈ, ડેટા સાયન્સ, સાયબર સિક્યોરિટી, હેલ્થકેર, એન્જિનિયરિંગ તથા વિદેશ અભ્યાસ અને રોજગારી અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે કારકિર્દીની પસંદગીમાં વિદ્યાર્થીઓને પોતાના રસ, આવડત અને બજારની વર્તમાન માંગને પ્રાધાન્ય આપવાની ખાસ સલાહ આપી હતી. સેમિનારના અંતે સિસ્ટર લુઈસાએ આભાર વિધિ કરી હતી.

### લુણાવાડા તાલુકાના કાકચિયા ગામે 'લોકડાયરા' થકી અનોખી પોષણ જાગૃતિ યોજાઈ



**લુણાવાડા** | લુણાવાડા તાલુકાના કાકચિયા ગામે નાયબ કલેક્ટર એચ.ટી.મકવાણાની અધ્યક્ષતામાં લોકસંગીતના માધ્યમથી ગ્રામજનો સુધી પોષણ, પ્રોટીન અને શિક્ષણનો સંદેશ પહોંચાડવા અનોખો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ દરમિયાન આંગણવાડી કેન્દ્રો અને મધ્યાહન ભોજન યોજના અંતર્ગત અપાતા પૌષ્ટિક આહાર તેમજ સરકારની વિવિધ પોષણલક્ષી યોજનાઓ અંગે ગ્રામજનોને વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. નાયબ કલેક્ટરે બાળકો, કિશોરીઓ અને માતાઓ માટે સંતુલિત આહાર અને પ્રોટીનયુક્ત ખોરાકનું મહત્વ સમજાવી ગુણવત્તાયુક્ત શિક્ષણ પર ભાર મૂક્યો હતો.

### આણંદની ક્રિશ્ચિયન કોલેજ ઓફ એજ્યુકેશનના તાલીમાર્થીએ યુજીસી - નેટ પરીક્ષા ઉત્તીર્ણ કરી



**આણંદ** | ગુજરાત ક્રિશ્ચિયન સર્વિસ સોસાયટી અને આઈ.પી. મિશન ટ્રસ્ટ સંચાલિત ક્રિશ્ચિયન કોલેજ ઓફ એજ્યુકેશન, આણંદના તાલીમાર્થી મેમણ મહમ્મદફૈઝાને વર્ષ-૨૦૨૬ અંતર્ગત લેવાયેલ યુજીસી - નેટ પરીક્ષામાં સફળતા મેળવી છે. પોતાની આ વિશેષ સિદ્ધિ દ્વારા તેમણે પોતાના પરિવાર તેમજ અભ્યાસ મેળવેલ કોલેજનું માન-સન્માન અને ગૌરવ વધાર્યું છે. આ ઉત્કૃષ્ટ સફળતા બદલ સંસ્થાના ચેરમેનશ્રી વોલેસ ક્રિશ્ચિયન સાહેબ તથા આચાર્ય અને કેમ્પસ ડાયરેક્ટર જતીન પઢિયાર સરે તેમને હાર્દિક અભિનંદન પાઠવ્યા છે.

### ડાકોરના વતની અને સંસ્કૃત શિક્ષક પાર્થકુમાર સોનીને પીએચ.ડી.ની પદવી એનાયત



**કપડવંજ** | ડાકોરના વતની અને કપડવંજની એસ.સી.દાણી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના સંસ્કૃત શિક્ષક પાર્થકુમાર પ્રફુલકુમાર સોનીને પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત થઈ છે. તેમણે શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી (ગોધરા) ખાતેથી સંસ્કૃત વિષયમાં પોતાનું સંશોધન કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કર્યું છે. તેમની આ ઉચ્ચ શૈક્ષણિક ઉપલબ્ધિથી સમગ્ર ડાકોર પંથક, પરિવાર અને શિક્ષણ જગતમાં ગૌરવ અને આનંદની લાગણી વ્યાપી ગઈ છે. આ વિશિષ્ટ સિદ્ધિ બદલ નવનિયુક્ત ડો. પાર્થકુમાર સોનીને શિક્ષણ ક્ષેત્ર અને સમાજ તરફથી ઉત્તરોત્તર પ્રગતિ માટે હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે.
આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### આણંદની અલ્પેશ પટેલ પીજી ઇન્સ્ટિટ્યૂટ ખાતે 'સિવાય એગ્રો' દ્વારા કેમ્પસ ઇન્ટરવ્યૂ યોજાયો



**આણંદ** | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત શ્રી અલ્પેશ એન. પટેલ પીજી ઇન્સ્ટિટ્યૂટ ખાતે 'સિવાય એગ્રો પ્રાઇવેટ લિમિટેડ' દ્વારા ઓન-કેમ્પસ રિક્રુટમેન્ટ ડ્રાઇવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઇન્ટરવ્યૂ પ્રક્રિયામાં માઇક્રોબાયોલોજી, બાયોટેકનોલોજી અને બાયોકેમિસ્ટ્રી વિભાગના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને માઇક્રોબાયોલોજી ડિપાર્ટમેન્ટની બે વિદ્યાર્થીનીઓ આગામી રાઉન્ડ માટે પસંદગી પામી હતી. ઇન્ચાર્જ આચાર્ય ડો. ચિરાગ વ્યાસે સફળ વિદ્યાર્થીનીઓને અભિનંદન પાઠવી પ્લેસમેન્ટ સેલને વધુ ડ્રાઇવ આયોજિત કરવા પ્રોત્સાહિત કર્યા હતા.

### બાકોર ગામે પીએમ મોડેલ સ્કૂલ દ્વારા સ્વચ્છતા અભિયાન અને જાગૃતિ રેલી યોજાઈ



**લુણાવાડા** | લુણાવાડાના બાકોર ખાતે પીએમશ્રી મોડેલ સ્કૂલના આચાર્ય આર.ડી. પટેલિયાના સાનિધ્યમાં અને એનએસએસ નોડલ ટીમ દ્વારા સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા ગામમાં સ્વચ્છતા જાગૃતિ રેલી કાઢી સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા તેમજ ગામના રસ્તાઓ અને ગ્રામ પંચાયત પરિસરની સાફ-સફાઈ કરવામાં આવી હતી. ગામના ચોરા ખાતે સ્વચ્છતા અંગે નૃત્ય અને પ્રેરણાત્મક વક્તવ્ય રજૂ કરીને ગ્રામજનોને સ્વચ્છતાને દૈનિક જીવનનો ભાગ બનાવવા અપીલ કરવામાં આવી હતી.

### કપડવંજ કેળવણી મંડળ દ્વારા શિક્ષક દિન નિમિત્તે શિક્ષકો અને એકાઉન્ટન્ટ્સનો સન્માન સમારોહ યોજાયો



**કપડવંજ** | કપડવંજ કેળવણી મંડળ દ્વારા દાણી કોલેજ ખાતે શિક્ષક દિન નિમિત્તે ૨૫ શિક્ષકો અને ૪ એકાઉન્ટન્ટ્સનું શિલ્ડ અર્પણ કરી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું આ પ્રસંગે મંડળના ઉપપ્રમુખ રસિકભાઈ પટેલ, મંત્રીશ્રીઓ અનંતભાઈ શાહ, ગોપાલભાઈ શાહ તથા દાણી ફાઉન્ડેશનના ડાયરેક્ટર નીલાબેન પંડ્યા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ સમારોહમાં એસ. સી. દાણી સ્કૂલના વાઇસ પ્રિન્સિપાલ ડો. વનરાજસિંહ રાઠોડનું પીએચડી પૂર્ણ કરવા બદલ સન્માન કરાયું અને તેમના લિખિત પુસ્તકો 'આકાંક્ષાઓં કી ઉડાન' તથા 'સપનોં કી પાઠશાલા'નું વિમોચન થયું હતું.